## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ... વાઈફ મોલમાં સુગર - એસેન્સ, મેંદો - ઘી - બેકીંગ પાવડર ખરીદવા ગઈ છે... લાગે છે કે તે મીઠાઈ બાવશે... તો... એ ખાધા પછી પણ પેટમાં ન દુઃખે એવી દવા લખી દો ને...!!**

# લૂંટ વિથ મર્ડર કેસનાં બંને આરોપીઓ છ દિવસના રિમાન્ડ પર

### ફરાર ત્રીજા આરોપીને પકડવા તજવીજ શરૂ કરાઇ

ગાંધીનગર, તા.૨૧

નવા કોબા ખાતે મનોરમ્ય રીટ્રીટ બંગ્લોઝમાં ધોળે દિવસે બંગલામાં ઘુસીને લુંટ કરી તેમાં રહેતાં બિલ્ડરની પત્નિ ચેતનાબેનની હત્યા થઈ હતી. લુંટ વિથ મર્ડરની બનેલી આ ઘટનામાં બિલ્ડર પ્રદિપભાઈની કન્સ્ટ્રક્શન સાઈટ પર અગાઉ કામ કરતા જુના કારીગરે તેના બે સાગરિતો સાથે મળીને લુંટ કરી બિલ્ડરની પત્નિની હત્યાને અંજામ આપ્યો હોવાનું ખુલ્યુ હતુ. પકડાયેલા બે હત્યારાની પોલીસે ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તેમને કોર્ટમાં રજુ કરતા કોર્ટે છ દિવસનાં રિમાન્ડ મંજુર કર્યા છે. પોલીસે ફરાર ત્રીજા હત્યારાની શોધખોળ શરુ કરી છે.

નવા કોબા ખાતે મનોરમ્ય રીટ્રીટ બંગ્લોઝમાં બંગલા નં.૯ ખાતે બિલ્ડર પ્રદિપભાઈ બેચરભાઈ પટેલનાં ૪૪ વર્ષિય પત્નિ ચેતનાબેનની બપોરે અડધા કલાકમાં જ લુંટારુ ટોળકી ઘરમાં ઘુસીને મો પર મુક્કા મારીને તેમના જ ડ્રેસનાં દુપટ્ટા વડે ચેતનાબેનનુ ગળુ દબાવી દઈ હત્યા કરી ફરાર થઈ ગઈ હતી. આ ચકચારી લુંટ વિથ મર્ડર કેશનો ભેદ ગાંધીનગર એસ.પી વિરેન્દ્રસિંહ યાદવનાં માર્ગદર્શન હેઠળ એલ.સી.બી પી.એસ.આઈ એચ.એલ.સોલંકી તથા તેમની ટીમે ઉકેલી નાંખ્યો છે. બિલ્ડર પ્રદિપભાઈની કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ કરતા જુના કારીગર હરેશ નવલ ભુરિયા કે જેણે નવા કોબાનાં બંગલામાં પણ કામ કરેલુ છે અને બંગલાનાં ખુણેખુણાથી વાકેફ છે તે શખ્સ આ ગુનાનો મુખ્ય સુત્રધાર હોવાનું ખુલ્યુ છે. દાહોદનાં આ શખ્સ હરેશે તેના દાહોદનાં મિત્ર સુભાષ ભુરિયા અને સુભાષનાં કાકા માનજી મુળા ભુરિયા (રહે. ખેડા) ની મદદ લઈ લુંટનો પ્લાન બનાવ્યો અને ઘરે જઈ ચેતનાબેન પાસે પાણી માંગ્યુ ત્યાર બાદ પાણી પીને ત્રણેયે ચેતનાબેનનું ગળુ તેમના જ દુપટ્ટાથી ફાંસો આપી મો પર મુક્કા મારી હત્યા કરી નાંખી હતી. પોલીસે ત્રણ પૈકી હરેશ અને માનજી બંનેની ધરપકડ કરી લઈ લુંટમાં ગયેલા સોના ચાંદીના દાગીના રિકવર કરી લીધા છે. પોલીસે વધુ તપાસ અને પુછતાછ માટે કોર્ટમાં રજુ કરતા કોર્ટે બંનેના છ દિવસનાં રિમાન્ડ મંજુર કર્યા છે. જે આધારે આરોપીઓની પુછપરછ શરુ કરીને ફરાર અન્ય સાગરિત સુભાષની ધરપકડ માટે ગતિવીધી તેજ કરી છે.

# રાજયના પોલીસ વડાએ ફરજ દરમિયાન પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી

### એક વર્ષમાં સમગ્ર ભારત દેશમાં ગુજરાતના ૦૩ સહિત કુલ ૪૭૩ પોલીસ અધિકારી/કર્મચારીઓ ફરજ દરમિયાન શહીદ થયા

ગાંધીનગર, તા. ૨૧

શહીદ થયેલા પોલીસ જવાનોની યાદગીરી રૂપે દર વર્ષે ૨૧મી ઑક્ટોબરનો દિવસ દેશભરમાં 'પોલીસ સંભારણા દિવસ' તરીકે મનાવવામાં આવે છે. આ દિવસે ફરજ દરમિયાન મૃત્યુ પામેલા પોલીસ અધિકારી/જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે. રાજયના પોલીસ વડા પી.પી. પાન્ડેયએ ૨૧ ઑક્ટોબર ૨૦૧૬ના રોજ પોલીસ સંભારણા દિને શહીદ સ્મારક, શાહીબાગ પોલીસ સ્ટેડિયમ, અમદાવાદ ખાતે શહીદેનો શ્રદ્ધાંજલિ આપી જણાવ્યું હતું કે પોતાના દેશ માટે સેવા, ફરજો નિભાવતાં પોતાના પ્રાણ ન્યોચ્છાવર કરનાર દેશના શહીદોને હું નમન કરું છું. ગુજરાતના જવાનોએ પણ દેશ સેવા કરતાં જેણે પોતાના પ્રાણ ગુમાવ્યા છે તેવા શહીદોને શ્રદ્ધાંજલિ અર્પું છું.





સમગ્ર ભારતમાં કુલ-૪૭૩ પોલીસ અધિકારી/કર્મચારીઓ પોતાની ફરજ દરમિયાન બહાદુરીપૂર્વકની કામગીરી દાખવી વીરગતિ પામેલ છે. ગુજરાતના ૦૩ પોલીસ કર્મચારીઓ ફરજ દરમિયાન શહીદ થયેલ છે. જેમાં અમરેલી જિલ્લાના હેડ કોન્સ્ટેબલ પંકજભાઈ રમેશભાઈ અમરેલીયા, રાજકોટ શહેરના પો.કો. ભરતભાઈ અશ્વિનભાઈ નેસડા અને અમદાવાદ શહેરના પો.કો. ચંદ્રકાન્ત જયંતિલાલ મકવાણાનો સમાવેશ થાય છે.

# જિલ્લા કક્ષાની ફુટબોલ સ્પર્ધામાં બીએસએફસી વિજેતા

### ખેલ મહાકુંભની જિલ્લા કક્ષાની ફુટબોલ સ્પર્ધાની ફાઈનલમાં ટાઈટન્સ ટીમને ૧-૦થી હરાવી : વિજેતા બ્લેકશુટર રાજયકક્ષાએ ભાગ લેશે

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં યુવાનો વિવિધ રમત ક્ષેત્રે રસ લઈ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઝળકી રહ્યાં છે. રાજય સરકાર દ્વારા પણ રમતને પ્રોત્સાહન મળે તે હેતુથી દર વર્ષે ખેલ મહાકુંભ રમાડવામાં આવે છે. આ ખેલ મહાકુંભમાં અનેક પ્રકારની ઈન્ડોર તથા આઉટડોર સ્પોર્ટસને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ગાંધીનગરના અનેક યુવા ખેલાડીઓ આ રમતોમાં પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કરી રહ્યાં છે. શહેરના આવા જ યુવાનોની એક ટીમે જિલ્લા કક્ષાની ફુટબોલ સ્પર્ધા જીતી લીધી છે અને હવે તેઓ રાજયકક્ષાએ રમવા જશે.

ગાંધીનગરના યુવા ખેલાડીઓએ બનાવેલ બીએસએફસી એટલે કે બ્લેક શુટર ફુટબોલ કલબની ટીમ ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષાની સ્પર્ધામાં વિજેતા બની છે. તાજેતરમાં રાયસણ ખાતે આવેલ બીએપીએસ ઈન્ટરનેશનલ સ્કુલમાં રમાયેલ ફાઈનલ મેચમાં બીએસએફસીએ ટાઈટન્સ ટીમને ૧-૦થી પરાજય આપ્યો હતો. રસાકસીભરી આ મેચમાં બંને ટીમોએ શાનદાર રમતનું પ્રદર્શન કર્યું હતું. બીએસએફસી ટીમનું સમગ્ર સ્પર્ધા દરમિયાન ઉત્કૃષ્ઠ પ્રદર્શન રહ્યું હતું. બીએસએફસી ટીમમાં કુલ ૧૬ ખેલાડીઓ હતા જેમાંથી રમત અનુસાર ટીમની પસંદગી કરવામાં આવતી હતી. જિલ્લા કક્ષાની ફુટબોલ સ્પર્ધા જીત્યા બાદ હવે બીએસએફસી ટીમ ખેલ મહાકુંભની રાજયકક્ષાની ફુટબોલ સ્પર્ધામાં ભાગ લેવા જશે. ગાંધીનગરમાં હવે ધીમે ધીમે ફુટબોલ પ્રત્યે યુવાનોની રૂચિ વધતી જતી જણાઈ રહી છે.



# મંગેતર સાથે કેનાલ પાસે બેઠેલા એન.સી.બી. ઈન્સ્પેક્ટરને લૂંટી લેવાયા

### નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરોનાં ઇન્સ્પેક્ટરને અડાલજ કેનાલ પાસે બે ગઠીયાઓ 'અહિ કેમ બેઠા છો' કહીને લુંટી જતા પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક અડાલજ અને ઝુંડાલ કેનાલ આસપાસ સાંજના અરસામાં ઉભા રહેતા કપલને ક્યારેક પોલીસ તરીકે દમ મારી તો ક્યારેક ઝપાઝપી કરીને લુંટી લેવાના અનેક કિસ્સાઓ બન્યા હોવાનુ ધ્યાને આવેલુ છે. દરમ્યાન બુધવારે મોડી સાંજે આવા જ લુંટારુ ગઠીયાઓનો ભોગ એક નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરોનાં ઈન્સ્પેક્ટર બન્યા હોવાનું ધ્યાને આવ્યુ છે. ઈન્સ્પેક્ટર મંગેતર સાથે મોડી સાંજે અડાલજ કેનાલ નજીક વેસ્પા સ્કુટર પર બેઠા હતા ત્યારે બે ગઠીયા અહિં કેમ બેઠા

● અનુસંધાન પાના - ૭ પર

